જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૮/૨૦૧૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૭૧૧/૧૫

# મિત્રો ના ઘરમા ઘરફોડ ચોરી કરતા ઇસમની ધરપકડ કરતી

## અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓના માર્ગદશન અને સુપરવિઝન હેઠળ એમ.ઓ.બી. સ્કોડઁ ના પો.સબ.ઇન્સ શ્રી કે.જી.ચૌધરી તથા માણસો ગઇ તા-21/08/15 ના રોજ અમદાવાદ શહેર માં પેટ્રોલીંગ દરમિયાન પો.કોન્સ.સિકંદર જશુભા નાઓની બાતમી આધારે મોહસીન યાસીનભાઇ ઢાઁકણીવાલા ઉ.વ.22 રહે.બ્લોક નઁ.સી/એફએફ/4,હાજી ફ્લેટ છીપા સોસાયટી દણીલીમડા અમદાવાદ.નાને જમાલપુર વૈશ્યસભા પાસેથી પકડી મુદામાલ **(1) એક સોનાનો હાર કિં રુ 18,200/ (2) સોનાની બુટ્ટી નઁગ 2 કિં રુ 10,900/ 3.સોનાની વીંટી નઁગ 3 કિં રુ 13,400/ (3) સોનાની વીંટી નઁગ 3 કિં રુ 13,400/ (4) સોનાના હાથમા પહેરવાના બ્રેસલેટ નઁગ 2 કિં રુ 23,000/ (5) સોનાની કાનમા પહેરવાની રીંગ નઁગ 2 કિં રુ 13,000/ (6) રોકડ રુ 40,000/ મળી કુલ્લે રુ 1,18,500/ નો રીકવર કરી (1) ગાયક્વાડ હવેલી પો સ્ટેશન ફ્સ્ટ ગુ.ર.નઁ.89/15 ઇ.પી.કો.કલમ 454,457,380 (2) ગાયક્વાડ હવેલી પો સ્ટેશન ફ્સ્ટગુ.ર.નઁ.16/15 ઇ.પીકો.કલમ 457,380 (3) ગાયક્વાડ હવેલી પો સ્ટેશન ફ્સ્ટઁ.ગુરનઁ.35/15 ઇ.પી.કો.કલમ 454,380** મુજબના ગુનાઓ ડીટેક કરી આરોપી ને વધુ તપાસ અર્થે ગાયક્વાડ હવેલી પો સ્ટેશન સોપેલ છે.

સદરી આરોપી નો કાર્ય વિસ્તાર મુખ્યત્વે હવેલી પો સ્ટેશન ની હદનો છે તે મુખ્યત્વે પોતાના મિત્રો ના ઘરે ચોરી કરવાની ટેવવાળો છે કોઇ પણ ઘર ટાર્ગેટ કરી ઘરના કોઇ સભ્ય સાથે મિત્રતા કેળવી તેના ઘરે અવર-જવર ચાલુ કરે છે અને ઘરના સભ્યોની હિલચાલ ઉપર નજર રાખી જ્યારે એકાંત મળે ત્યારે ચોરી ને અંજામ આપે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)